# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૬ • તા. ૧૦ જાન્યુઆરી થી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા

# ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member

SHUBH
DIAMONDS




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક માર્ડન ટેક્નોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપણા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગો વશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતા. પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓ હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કંઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

– જય જ્ઞાતિમૈયા

# આત્મવિશ્વાસની તાકાત

માણસ માત્ર સંપૂર્ણ નથી. આ વિશ્વમાં કોઈપણ એવી વ્યક્તિ નહીં હોય જે સર્વગુણ સંપન્ન હોય. બધામાં વ્યક્તિત્વ, કાર્યક્ષમતા, બૌધ્ધિક, શારીરિક ક્ષમતા, વિચારશૈલીને સ્વભાવમાં કોઈને કોઈ ઊણપ જરૂર જોવા મળશે. એટલે આપણી ત્રુટીઓ કે નબળાઈઓને લઈને વિચલિત અથવા તો દુ:ખી ન થવું જોઈએ. પણ જે કંઈ ખામી હોય તેને પૂર્ણપણે ઓળખી લઈને આત્મવિશ્વાસ ભેર આગળ વધવું જોઈએ. ઊણપ, ઓછપ કે નબળાઈ હોય એને જાણી લઈ હતાશ થવાની જરૂર નથી નિરાશ થવું ન જોઈએ. ખામી ખોટનો ભાર મગજ પર ન લેવો જોઈએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આત્મવિશ્વાસ એ આગળ વધવા માટેનો ઈંધણ છે. આત્મવિશ્વાસની ખરી વ્યાખ્યા છે કે કોઈપણ કામ કરતી વખતે પોતાની નબળાઈઓ અને ભયની સાથે આગળ વધવા તૈયાર છીએ એનો રણનાદ. જ્યારે કોઈ વાતને લઈને મનમાં શંકા હોય, દ્વિધા હોય તે છતાં બે હાથની મુઠ્ઠીઓ વાળી જુસ્સો રાખીએ એ આપણો આત્મવિશ્વાસ છે. આપણેએ જ કાર્ય પૂર્ણ સ્તરથી આગળ વધારી શકીએ છીએ. જે કાર્યમાં આપણને પૂર્ણ શ્રધ્ધા છે. પરિસ્થિતિઓને આપણી ઉપર હાવી ન થવા દેવી જોઈએ. અન્ય કોઈ નહીં ફક્ત આપણે જ આપણી પરિસ્થિતિઓને બદલાવી શકીએ છીએ. ડર ચિંતા કે ભયને આપણી ઉપર હાવી ન થવા દેવા જોઈએ. આત્મવિશ્વાસ ભેર આગળ વધવા માટે આપણી પોતાની નબળાઈઓ સાથે મિત્રતા કરવી જોઈએ.

નબળાઈઓ હોય એને છતી ન કરવી જોઈએ, અન્યોથી છાની રાખવી જોઈએ. વારંવાર નબળાઈઓને યાદ કરી તે આપણી ઉપર હાવી ન થાય. એટલું ભાન રાખવું જોઈએ. લોકો સમક્ષ પોતાની તકલીફો અને નબળાઈઓ બતાવવી ન જોઈએ. જેથી સામેવાળા આપણી કમજોરીનો લાભ ન લઈ જાય. આપણા ઈરાદાઓ પર તેઓ પાણી ન ફેરવી દે એ માટે સતત જાગૃતતા રાખવી જોઈએ. હરીફની એક એક ચાલને ઓળખી તે પ્રત્યે જાગૃતિ રાખવી જોઈએ અને એ રીતે  આપણી ચાલ આગળ વધારવી જોઈએ. જેવા છીએ તે રીતે પોતાનો સ્વીકારીએ. આપણી નકારાત્મક ભાવનાઓ અને નબળાઈઓને સ્પીડ બ્રેકર ન ગણવી જોઈએ. એનને કોઈ મોટી મુશ્કેલી તરીકે ગણીશું કે ડરવા જેવી વાત તરીકે સ્વીકારશું તો એનાથી નેગેટિવ પાસાને બળ મળશે. એટલે પોતાની નબળાઈઓને ઓળખીને આત્મવિશ્વાસ ભેર આગળ વધવું જોઈએ.

વ્યક્તિની સ્વભાવગત ઊણપ એટલે ક્રોધ, ગુસ્સો કે કોપ. આમ તો બધા જ અવગુણ સ્પષ્ટ રીતે દેખાઈ આવે અને તેનું નિવારણ પણ કરી શકાય છે. પણ ક્રોધ એક એવો અવગુણ છે. વ્યક્તિની નબળાઈ છે જે સમય સમય પર બહાર નીકળે છે. જાણે સુષુપ્ત જવાળામુખી ધગધગતો લાવા બહાર ફેંકી ચારો તરફ ખાનાખરાબી સર્જે છે એ જ પ્રકારે ક્રોધ-ગુસ્સો ટાણે કટાણે બહાર પ્રગટી સંબંધને વ્યવહારમાં લૂણો લગાવી દે છે. આ અધૂરપ આ સ્વભાવની નબળાઈ વ્યક્તિ ઓળખે અને તેને સુધારે તો જલદી આગળ વધી શકે છે. ક્રોધ ઉપર શમન મૌન દ્વારા જ થઈ શકે. ક્રોધિત વ્યક્તિનો મુકાબલો મૌન રહીને કારગત રીતે આપી શકાય છે. મનને શાંત રાખવું એટલું જ જરૂરી છે. મોઢું બંધ રખાય અને મન જેટલું શાંત હોય પરિસ્થિતિ સાચવી શકવાની શક્તિ એટલી જ બળુકી બની જાય છે. ક્રોધ કે અન્ય કોઈ નબળાઈ માણસનું મન વશમાં હોય તો સમજણ શક્તિ પોતાનો નિર્ણય બખૂબીથી લઈ શકે છે. અશાંત અને ક્રોધિત મન સમજણ ખોઈ બેસે છે. એટલે મનને કાબૂમાં રાખવા યોગ પ્રાણાયમ કરવું જરૂરી છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો











શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પરમતારક શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી રજત ધ્વજા સહ ત્રિહાન્હિકા મહોત્સવ ખૂબજ ધર્મમય અને હર્ષોલ્લાસ સાથે ઉજવાવવા આવેલ. ગુરૂવાર તા.૨૫ ડિસેમ્બર બપોરે ૩ વાગે થી શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજા શ્રી કુંથુનાથ મહિલા મંડલ દ્વારા ભણાવવામાં આવેલ. ત્યારબાદ મહાજન દ્વારા ચૌવિહાર રાખવામાં આવેલ. મહેંદી અને સાંજીમાં સર્વે જ્ઞાતિજનોએ હરખથી ભાગ લીધેલ.



# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો













ત્રિહાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે શુક્રવાર તા.૨૬ ડિસેમ્બર સવારે પ.પૂ.નંદિષેણા શ્રીજી મ.સા. પ.પૂ.સાધ્વી શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.નું મંગલ પ્રવેશ કચ્છના પ્રસિદ્ધ ઢોલી અને શરણાઈ સાથે થયેલ. સર્વપ્રથમ શ્રી હસ્તીનાપુર નગરી અને શ્રી શાલીભદ્ર ભોજન મંડપનું ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન લાભાર્થી પરિવાર માતુશ્રી મુરબાઈ જવેરચંદ વેલજી લોડાયા પરિવાર (સાંયરા-રાયપુર) દ્વારા કરવામાં આવેલ. જિનાલય દર્શન વંદન બાદ નવકારશીના લાભાર્થી સ્વ.હંસાબેન ખીમજી નેણશી મોતા પરિવાર (વારાપધ્ધર-ભાટાપારા) હતા. શ્રી કુંભ સ્થાપનાના લાભાર્થી માતુશ્રી હીરાબેન ભવાનજી હીરજી શાહ પરિવાર (જખૌ-રાયપુર), શ્રી દીપક સ્થાપનાના લાભાર્થી માતુશ્રી નવલબેન મેઘજીભાઈ લાલકા પરિવાર (વારાપધ્ધર-રાયપુર), શ્રી જવારારોપણના લાભાર્થી શ્રી યોગેશ પદમશીભાઈ દંડ પરિવાર (મંજલ રેલડીયા-ભિલાઈ), શ્રી નવગ્રહ પાટલા પૂજનના લાભાર્થી શ્રી ગિરીશ મણીલાલ નાગડા પરિવાર (લાલા-ઈન્દૌર), શ્રી દશદિકપાલ પૂજનના લાભાર્થી માતુશ્રી વિજયાબેન જેઠાભાઈ લાલકા પરિવાર (વારાપધર-રાયપુર), શ્રી અષ્ટમંગલ પાટલાપૂજનના લાભાર્થી માતુશ્રી રાજબાઈ મેઘજી મોતા પરિવાર (લાલા-ભિલાઈ), ત્યારબાદ શ્રી સાધર્મિક સ્વામીવાત્સલ્ય અને શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેકના લાભાર્થી માતુશ્રી ચંપાબાઈ ઉમરશી શાહ પરિવાર (જખૌ-ધમતરી-બેંગલોર), ચૌવિહારના લાભાર્થી માતુશ્રી માયાબેન રતીલાલ શાહ પરિવાર-રાયપુર, સંધ્યા આરતી મંગલદીપકબાઈ શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના શ્રી મનહર ચત્રભુજ શાહ પરિવાર, શ્રી તરૂણ શીવજી લોડાયા પરિવાર, શ્રી દીપાંશુ ઉમેશ નાગડા પરિવાર દ્વારા રાખવામાં આવેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો












# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો














# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો























# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો













શનિવાર, તા.૨૭ ડિસેમ્બરના સ્નાત્ર પૂજા બાદ નવકારશીના સંયુક્ત લાભાર્થી માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવાર (સાંયરા-રાયપુર) અને માતુશ્રી હંસાબેન ભરતભાઈ નાગડા પરિવાર (નલિયા-રાયપુર) હતા. સવારે ૯ વાગેથી ભવ્યાતિભવ્ય વરઘોડામાં શ્રી પ્રભુજીનો રજતરથ રાધે બગ્ગીમાં વિભિન્ન પ્રકારની વેશભૂષામાં બાલક અને બાલિકાઓને સાથે શ્રી કુંથુનાથ જિનાલયના સ્વપ્ન દ્દષ્ટા અને ક.દ.ઓ.ના જ્ઞાતિ ગૌરવ એવા શ્રી રતીલાલ કેશવજી શાહ અને માતુશ્રી જયાબેન રતીલાલ શાહ (જખૌ-રાયપુર)ના પ્રતિરૂપ એમના નાના પૌત્ર મીત ગિરીશ શાહ અને પૌત્રવધૂ સૌ. ભક્તિ મીત શાહ પણ બગ્ગીમાં બિરાજ્યા હતા. એમની સાથે રાયપુરના મુમુક્ષુરત્નો પરા વર્ષીદાનના ઘરઘોડામાં સાથે ઢોલ અને શરણાઈ બેન્ડ પાર્ટીની સાથે જિનાલયમાં આવતા પ.પૂ.સાધ્વી શ્રી હંસકીર્તિજી મ.સા. આદિ ઠાણા ૩ અને અચલગચ્છ સાધ્વી પ.પૂ.નંદિષેણાશ્રીજી મ.સા.ના પ્રેરક પ્રવચન ધર્મસભા, મુમુક્ષુઓનું બહુમાન રાયપુરના વિભિન્ન જિનાલયના ટ્રસ્ટીઓ અને વિશિષ્ટજનોનું મોમેન્ટો, શાલ, શ્રીફળ સાથે કરવામાં આવેલ. બપોરે શ્રી સાધર્મિક સ્વામી વાત્સલ્યના



# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો

સંયુક્ત લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) અને માતુશ્રી ભીમલતાબેન પાનાચંદ લોડાયા પરિવાર (તેરા-રાયપુર) હતા. બપોરે શુભ મુહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજનના લાભાર્થી શ્રી ઘરમચંદજી લુંકડ પરિવાર, રાયપુર હતા. સાંજના ચૌવિહાર છત્તીસગઢની વિભિન્ન નિયાણી બહેનો દ્વારા રાખવામાં આવેલ. સાંજના શ્રી નલિયા ક.દ.ઓ.જ્ઞાતિ મહાજનના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતા દ્વારા કચ્છી દશા ઓસવાલનું ઈતિહાસની ઝલક ખૂબજ સારી રીતે રાખેલ અને રાયપુર મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી વર્ષની ઉન્નતિની સારી ઝાંકી પેશ કરેલ. શ્રી મુલચંદ પદમશી મોતા (નલિયા મહાજનના પ્રમુખ), શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ મહાજન-મુંબઈ), શ્રી ભદ્રેશ મુલજી પટેલ (સાયંરા-મુંબઈ)નું શાલ, મોમેન્ટો, શ્રીફળ સાથે બહુમાન બાદ











# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો















# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો

રાયપુરના વિભિન્ન મંડળના અધ્યક્ષ દ્વારા પાર્ષદોનું પણ બહુમાન કરવામાં આવેલ. ભક્તિ સંધ્યામાં રાયપુરની વિભિન્ન મહિલા મંડળો દ્વારા ભક્તિ ગીત રાખવામાં આવેલ.

રવિવાર તા.૨૮ ડિસેમ્બરના શ્રી સ્નાત્ર પૂજા બાદ નવકારશીના લાભાર્થી માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર (જખૌ-રાયપુર) સવારે ૮.૩૦ વાગેથી શ્રી સત્તરભેદી પૂજાના લાભાર્થી સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર) હતા. શુભ મુહૂર્તે શ્રી કુંથુનાથ જિનાલયની વિશેષ રૂપે સુરતની તૈયાર રજત ધ્વાજારોહણ લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર અને માતુશ્રી જયાબેન રતીલાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર) દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ. બપોરે શ્રી સાધર્મિક સ્વામી વાત્સલ્યના લાભાર્થી માતુશ્રી જયાબેન રતીલાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર) હતા. બપોરે વિજય મુહૂર્તે શ્રી લઘુશાંતિ પૂજનના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા. અચલગચ્છ ગુરૂમંદિરની ધ્વજા મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) એ લાભ લીધેલ. સાંજના ચૌવિહારના સંયુક્ત લાભાર્થી શ્રી મહેશ હીરજી શાહ પરિવાર (જખૌ-રાયપુર) અને શ્રીમતી સૂરજદેવી સોનરાજ કોચર પરિવાર, રાયપુર હતા. સંધ્યા આ મહાઆરતી મંગલ દીપકનું સુંદર નૃત્ય દ્વારા બહેનોએ સુંદર આયોજીત કરેલ. બાદ સૌ. શીતલબેન વ્યાસ દ્વારા સુંદર ભક્તિ ગીતો સાથે રાસ ગરબાની સારી રમઝટ જમાવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ પધારેલ સર્વે જ્ઞાતિજનો નિયાણી બહેનો અને લાભાર્થી પરિવારોનું શ્રી રાજાભાઈ નંદુ અને એમની ટીમ સૌ. શીતલબેન વ્યાસ, દેરાસરના સ્ટાફ, ફોટોગ્રાફર, ટેન્ટવાલા, કેટરીંગવાલા, સાઉન્ડ અને લાઈટવાલા સર્વેનું બહુમાન કરેલ અને સર્વેનું આભાર













# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો




















# શ્રી છત્તીસગઢ ક.દ.આ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો




















# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો
























# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો

માનેલ. શ્રી વિજય મિત્ર મંડળ દ્વારા જયપુર ફુટ શિબિરમાં મહાજન દ્વારા ૧૭ વિકલાંગજનોને ફુટ વિતરણ કરવામાં આવેલ. રાયપુરના વિભિન્ન આશ્રમોમાં ફળ, મિષ્ટાનનું વિતરણ કરવામાં આવેલ.

સોમવાર, તા.૨૯ ડિસેમ્બરના સવારે શુભ મુહૂર્તે દ્વારોદ્ઘાટનના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા. બાદ નવકારશીનું લાભ લઈ સર્વે છૂટા પડેલ.

વિશેષ રૂપે પ.પૂ.સાધ્વી શ્રી નંદિશ્રેણા શ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ને જબલપુર (મ.પ્ર.)થી રાયપુર સુધીનું વિહારમાં શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, શ્રી ભરત નારાયણજી મૈશેરી, શ્રી જયેશ કલ્યાણજી નાગડા, શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી એ ખૂબજ સારી રીતે વિહાર કરાવેલ. સૌ. રૂપલ અંકિત દંડ અને સૌ. નેહા જિગ્નેશ મોતા (ભિલાઈ)એ પણ વિહાર સેવામાં જોડાયેલ તેની સર્વે જ્ઞાતિજનોએ ખૂબ ખૂબ અનુમોદના કરેલ. સંપૂર્ણ મહોત્સવ દરમિયાન જીવદયા કાર્યમાં ગૌશાલામાં ઘાસચારા, કૂતરાઓને, ગાયને રોટલી ગોળ ખવડાવવામાં આવેલ. જીવદયાના કાર્યોમાં શ્રી નિતેશ ઉમરશી મૈશેરી, શ્રી કપિલ નારાયણજી મૈશેરી એ પણ ખૂબજ સારી રીતે કાર્ય કરવા બદલ એમની ખૂબ ખૂબ અનુમોદના અને આભાર માનેલ.

શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી રજત ધ્વજા સહ ત્રિહાન્હિકા મહોત્સવમાં શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, શ્રી હીરાચંદ કુંવરજી મૈશેરી, શ્રી બિનેશ ગિરીશ શાહ, શ્રી જિગર હરીશ લોડાયા, શ્રી રિતેશ સૂયકાંત મૈશેરી, શ્રી દીપાંશુ ઉમેશ નાગડા, શ્રી ભરત નારાયણજી મૈશેરી, શ્રી જયેશ કલ્યાણજી નાગડા, શ્રી જિગ્નેશ ગિરીશ નાગડા, સૌ.ભાવના કીર્તિ પોલડીયા, શ્રીમતી સુનીતાબેન વિજય લોડાયા, સૌ. ડિમ્પલ જયેશ નાગડા, સૌ. પ્રીતિ યશવંત છેડા, સૌ. સુનયના અમિત મૈશેરી, સૌ.દીપા નયન છેડા, સૌ. તૃપ્તિ ચંદ્રેશ છેડા, સૌ. ભક્તિ મીત શાહ, સૌ. રોશની દીપાંશુ નાગડા, ચિ. હર્ષિતા ચંદ્રેશ છેડા, ચિ. હિયા નયન છેડા, ચિ. પાશી અમિત મૈશેરી, ચિ. કૃષ્ણા દીપેશ લાલકા, ચિ. જય હરીશ શાહ, સૌ. હેમલ મનીષ લોડાયા, સૌ. વીણા સચિન મોમાયા, સૌ. મૌસમી પ્રતિક કામદાર, સૌ. હેતલ ગીત શાહ, સૌ. ભવ્યા અમિત જીવાણી, ચિ. પૂર્વેશ હરીશ લોડાયા, શ્રી નયન સતિશ છેડા, શ્રી અમિત હીરાચંદ મૈશેરી, શ્રી તુષાર રાયચંદ શાહ, શ્રી નિતેશ શશીકાંત શાહ, ચિ. સંભવ ચંદ્રેશ છેડા, શ્રી મનીષ ઉત્તમચંદ લોડાયા, શ્રી દીપેશ જેઠાભાઈ લાલકા, શ્રી સંજય વાલજી જીવાણી, શ્રી સુમિત મણીકાંત મોમાયા, શ્રી અંકિત યોગેશ દંડ, શ્રી કરણ દીપક નાગડા, શ્રી અમિત કુલીનકાંત જીવાણી, શ્રી કેતન હીરાચંદ મોમાયા, શ્રી ગીત મનહર શાહ, શ્રી રાજ પ્રવીણ લોડાયા એ સંપૂર્ણ મહોત્સવને સફળ બનાવા સારી જહેમત ઉઠાવેલ.

શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક શ્રી ગૌતમ નવીન ઉમરશી શાહ (જખૌ-બેંગ્લોર) દ્વારા ખૂબજ સરસ રીતે કરાયેલ.





શ્રી અનંતનાથાય નમ:

**શ્રી કંચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાંજન,**
**અમદાવાદ સંચાલિત**

## "શેઠ રાયચંદ ધરમશી ભવન"

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.

**શ્રીમદ્ ગુણોદયસાગરસુરીશ્વરજી મહારાજા**

## વ્યાખ્યાન હોલ ના લાભાર્થી પરિવાર

## માતુશ્રી જયાબેન રતિલાલ વાલજી લધા લોડાયા

કચ્છ સુથરી, મુલુંડ

**હસ્તે.** મધુરીબેન, ચંદ્રાબેન, ગુણવંતીબેન, ભાવનાબેન, દિવ્યાબેન, ભારતીબેન, અમી, અનાયિકા, ઐશ્વર્યા, દિશા, પંકિત, જિયા, મીઠીબાઈ, દિપક, દેવેશ, ધ્રુવ, કુશલ, હર્ષલ, શામજીબાપા

**પ્રેરણાદાતા :**
**ખાનદેશ રત્ના પ.પૂ સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.**

**અનુમોદના અનુમોદના અનુમોદના**

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.**

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડ અને મહાસમિતિની એન્યુઅલ જનરલ મિટીંગ યોજાઈ





શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડની વાર્ષિક સામાન્ય સભા તા.૪ જાન્યુઆરી રવિવાર બપોરે ૨ કલાકે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ કામાલેન ઘાટકોપર વેસ્ટ મધ્યે સમસ્ત મહાજનના મેનેંજીગ ટ્રસ્ટી ચંદ્રેશ વીરચંદ છેડાના અધ્યક્ષ સ્થાને મળી.

કોરમને અભાવે મુલત્વી રહેલ સભા થોડા સમય બાદ નક્કી કરેલ કાર્યસૂચિ બાબતે કાર્યવાહી કરવા બાબતે પુનઃ મળી હતી. પ્રારંભે નવકાર મંત્રનું પઠન કરાયું હતું.

ગત મિટીંગ તા.૨૮ એપ્રિલ ૨૦૨૪ના મળેલી જેની કાર્યવાહીનું વાંચન કરાયું અને તેને સર્વાનુમતે બહાલી અપાઈ.

ત્યારબાદ અન્ય એજન્ડાને હાથ ધરતાં હિસાબી વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના ઓડિટ થયેલ હિસાબ રજૂ કરાયા અને બંન્ને વર્ષના હિસાબોને બહાલી અપાઈ.

જ્ઞાતિની સળગતી સમસ્યા જેવો પ્રશ્ન વસ્તીપત્ર ઍપ જે ઘણા સમયથી બંધ અવસ્થામાં છે. તેને ચાલુ કરવી એ જરૂરી છે. વસ્તીપત્રક સમિતિએ આ ઍપનું સંચાલન કરવા શ્રી સમસ્ત મહાજનને સુપ્રત કરી છે. આ બાબતે વિશદપણે વિચાર વિમર્શ કરી સર્વ સંમતિથી વસ્તીપત્રક ઍપનું સંચાલન મુંબઈ જ્ઞાતિ મહાજન કરશે એવો નિર્ણય લેવાયો હતો.

અન્ય એજન્ડામાં ચેરિટી અધિનિયમ ૧૨(એ) તથા ઈન્કમ ટેક્સના કલમ ૮૦ જી બાબતે નવા ફેરફારની સમજ સૌને અપાઈ હતી. તેના સૂચિતાર્થો અને તેને માટે આગામી પ્રક્રિયા શું કરી શકાય તે માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ હતી. આ પ્રક્રિયાની સરળ સમજણ મળે એ માટે સમસ્ત મહાજનના ઓડિટર શ્રી ગૌતમ મૈશેરીની મિટીંગમાં ખાસ આમંત્રિત કરેલ. તેઓ સરળ અને સાદી ભાષામાં આ કાયદાકીય નિયમો વિષે સમજુતી આપી હતી. જે જાણી સૌને સંતોષ થયો હતો. આ બાબતે ભવિષ્યમાં શું રણનીતિ કરવી એની ચર્ચા થઈ હતી અને સર્વાનુમતે કાયદામાં બંધ બેસે એ માટે સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો.

આ સાથો સાથ મહાસમિતિના સભ્યોની અલગ મિટીંગ મેનેંજીગ ટ્રસ્ટીશ્રી ચંદ્રેશ વીરચંદ છેડાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કાયદાની કલમ ૧૨ (એ) તથા ૮૦ (જી)માં આવેલ. નવા ફેર બદલ વિષે ઉપસ્થિત સભ્યોને સમજણ અપાઈ હતી અને તેનું અર્થઘટન સરળ રીતે સૌને અપાયું હતું. સમસ્ત મહાજનના ઓડિટર શ્રી ગૌતમ મૈશેરી આ બંન્ને કલમો બાબતે સાદી રીતે સમજણ આપી કાયદાકીય અર્થઘટન કર્યું હતું. સૌ સભ્યો એ પોતપોતાના વિચારો મુક્ત રીતે રજૂ કર્યા હતા અને નવા નિયમો મુજબ તે પ્રકારે પગલા લેવા સર્વાનુમતે નક્કી કરાયું હતું.

મિટીંગની કાર્યવાહીના સર્વે એજન્ડા સફળ રીતે ચર્ચાયા હોવાથી સભા બરખાસ્ત કરવાની ઘોષણા કરાઈ હતી.

મિટીંગ અંતે ચૌવિહારનો સૌએ લાભ લીધો હતો અને છૂટા પડ્યાં હતાં.

# શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એક્કમ દ્વારા સંચાલિત શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર મહિલા મંચ જલગામ શાખા દ્વારા મહિલા ક્રિકેટ મેચનું આયોજન



**સર્વે ટીમોના બધાજ સદસ્યો**



**બધી કેટેગરીના વિજેતાઓ**



**પ્રોજેક્ટને સફળ બનાવવમાં શ્રી સિદ્ધાર્થ પોલડીયાનો વિશેષ સહકાર્ય માટે તેમનું સમ્માન**

તા. ૦૮ જાન્યુઆરી ગુરૂવારે શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર મહિલા મંચ જલગામ દ્વારા બોક્સક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવેલ. જેમાં મંચની સદસ્યા મહિલાઓને રમવા માટે આમંત્રિત કરવામાં આવેલ.

આ માટે ચાર ટીમોનું ગઠન કરવામાં આવેલ. જેના નામો રોઝેસ (લાલ ટીશર્ટ), લીલ્લીજ (બ્લ્યુ ટીશર્ટ), સનફ્લાવર (કાળો ટીશર્ટ) અને જાસ્મીન (સફેદ ટીશર્ટ) હતાં. તેમનાં કેપ્ટન ક્રમશ મૈત્રી ઓસવાલ (લોડાયા), સ્વાતિ લોડાયા, ચેતના શાહ (મોમાયા) અને મેઘના ખોના રહ્યાં હતાં. આમાં બધીજ ઉંમરના એટલે કે નાની ઉંમરથી કરીને સિનિયર સિટીઝન્સ સુધીનાં સદસ્યોનું સંયોજનથી દરેક ટીમનું નિર્માણ માટે કરવામાં આવેલ. જેમાં ૪ જણાં તો વર્ષીતપ આરાધકો હતાં. બધાજ ખિલાડીઓએ ટીશર્ટ અને જીન્સનો પહેરવેશ પરિધાન કરેલ હતો. શિવાય કે ૩ જણાં એ માત્ર ફોર્મલ પંજાબી ડ્રેસ જ પરિધાન કરેલ. સિનિયર સિટીઝન્સ તો ટીશર્ટ અને જીન્સમાં પોતાની વાસ્તવિક ઉંમરથી પણ ઘણી જ નાની ઉંમરના દેખાતાં હતાં. જે તેમનાં આત્મવિશ્વાસમાં અનેરો વધારો કરતો જોવા મળેલ. આ રમતની વિશેષતા એ રહી હતી કે આ મેચ માં પ્રથમ જ વખતે રમતાં સિનિયર સિટીજન્સ ખુબજ ઉત્સાહ થી બહુજ આનંદનો અવસર સ્વયં જ માણ્યો હતો.

# શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એક્કમ દ્વારા સંચાલિત શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર મહિલા મંચ જલગામ શાખા દ્વારા મહિલા ક્રિકેટ મેચનું આયોજન

બપોરનાં ઠીક ૩:૦૦ વાગ્યે બોક્સક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ક્રિકેટ રમત નો વિધિસર પ્રારંભ થયો હતો. ખુલ્લાં નીલા આકાશ નીચે લીલાછમ મેદાન ઉપર સોનેરી તડકામાં રમવાનો આનંદ કાંઈક ઑર જ હોય છે. શિયાળામાં શરીર ઉપર આવતો. માફક થતો તડકો કેલ્શિયમની ઉણપ ને સારે છે. તો શારીરિક વ્યાયામની પૂર્તતા પણ મેદાન પર થતી હોય છે. આમ ક્રિકેટ ની રમત ફક્ત હારજીતની બાજી નથી હોતી. તો મનોરંજન નું એક સુવ્યવસ્થિત સાધન પણ હોય છે અને આરોગ્ય માટે સુહિતકારી પણ હોય છે.

આ ક્રિકેટ મેચ પ્રોજેક્ટ નાં મુખ્ય સૂત્રધાર હતાં. સૌ. અલ્પાબેન નાગડા, શ્રીમતી મોહિનીબેન લોડાયા, શ્રીમતી કુસુમબેન કેનિયા, સૌ. ચેતનાબેન મોમાયા, સૌ. મેઘનાબેન ખોના તેમજ સૌ. રીના મૈશેરી રહ્યાં હતાં.

આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે શ્રી સિદ્ધાર્થ પોલડીયા અને શ્રી કરણ મૈશેરીનો પણ સુંદર સહકાર્ય મળેલ હતો.

આ મેચની ફલશ્રુતિ રૂપે બેસ્ટ બોલર સૌ. નેહલબેન મોતા, બેસ્ટ પ્લેયર સૌ. મૈત્રી ઓસવાલ અને સૌ. શિલ્પાબેન છેડા, બેસ્ટ સિનિયર પ્લેયર શ્રીમતી કુસુમબેન કેનિયા, મેન ઓફ ધ મેચ સૌ. ચેતનાબેન મોમાયા, અને વિજેતા ટીમ સનફ્લાવર ટીમ બનેલ હતાં.

રમતનાં અંતે સમોસા અને મસાલા દૂધનું પીણું આરોગીને સૌ છુટા પડેલ.



વિજેતા ટીમ સનફ્લાવર (બ્લેક ટીશર્ટ)



પ્રોજેક્ટ ટીમના મુખ્ય સૂત્રધારો


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ પદે નયનભાઈ અશોક ભેદાની વરણી થઈ



શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની નવી ટર્મ સંવત ૨૦૮૨-૨૦૮૫ માટે નવી કારોબારી પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરાઈ. જેમાં પ્રમુખ તરીકે નયનભાઈ અશોક ભેદા (વારાપધ્ધર-મુલુંડ), જ્યેષ્ઠ ઉપપ્રમુખ પદે હેમચંદ મૂળજી ગડા (નાના રતાડિયા-મુલુંડ(ઈસ્ટ)), ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ દોલતલાલ શાહ (માંડવી-થાણા), માનદ્‌મંત્રીઓ તરીકે જતીનભાઈ મોરારજી છેડા (નાના ભાડીયા-ચેમ્બુર), પ્રવીણભાઈ ટોકરશી લોડાયા (કોઠારા-ડોંબિવલી), સંદીપ નવીનચંદ્ર શાહ (ભુજ) અને રાહુલ શ્રી શ્રીમાળ (બાડમેર-ભીંવડી)

ઉપરોક્ત સર્વે પદાધિકારીઓને નવીન પદભાર માટે હાર્દિક અભિનંદન. સાથો સાથ તેમના કાર્યકાળ દરમ્યાન સંઘની ઉન્નતિ, પ્રગતિ માટે અઢળક કામો અવિરત થાય એની શુભકામના.

# પ.પૂ.સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૬૦મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૨૩ના પોષ વદ પાંચમ તિથિ દિને કચ્છ કોઠારા ગામના માવિત્ર માતુશ્રી ચંદનબેન દામજીભાઈ ધરમશીના ધર્મ ગુણ સંસ્કારથી રંગાયેલ પુત્રી આત્મકલ્યાણ માટે સંયમ માર્ગ સ્વીકારવાનો દ્રઢ નિશ્ચય કરી નલિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા બની નૂતન નામ પ.પૂ. સા.શ્રી યશપ્રભાશ્રીજી મ.સા. નામ ધારણ કરી સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ-ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં અને સૌને કરાવતા પૂજ્ય શ્રી રજત, સુવર્ણ વર્ષ પાર કરીને આગળ સંયમજીવનના ૫૯ વર્ષ પૂર્ણ કરી આજે વિક્રમ સંવત ૨૦૮૨ના પોષ વદી પાંચમ તિથિ દિને હીરક વર્ષમાં એટલે ૬૦માં વર્ષમાં ભવ્ય રીતે પ્રવેશ કર્યો છે.

આ અદ્‌ભૂત અવસરે ગુરૂભક્તો કામના કરે છે કે પૂજ્ય સાહેબજી સંયમ જીવન પથ પર આવી જ રીતે આગળ વધતા રહી અમૃત વર્ષ પૂર્ણ કરીને આગળ સર્વોચ્ચ શિખર શતક વર્ષના સ્થાને બિરાજે. સાહેબજીને શત શત વંદના.



શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ)
શ્વે. જૈન સંઘના પ્રમુખ પદે સર્વાનુમતે
વરણી થવા બદલ
શ્રી નયન અશોક ભેદા
કચ્છ : વારાપધર
ને હાર્દિક અભિનંદન
ધર્મના સુસંસ્કારોથી અલંકૃત,
શાસન-સમાજ તથા જ્ઞાતિના સેવાકાર્યોમાં
ગતિ અને પ્રગતિના પ્રેરકબળ કર્મનિષ્ઠ
સેવકને અભિનંદનના અભિષેક.
મેનેજીંગ ટ્રસ્ટી
સેક્રેટરી જનરલ
પ્રવિણ હંસરાજ લોડાયા
કિર્તી ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા
નીશિથ આણંદીલાલ દંડ
ટ્રેઝરર
ટ્રસ્ટી
મુલચંદ પી. મોતા
મનીષા સી. પોલડીયા (શાહ)
નયન અશોક ભેદા
શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank,
Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



KDO SANJIVANI

# કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠમ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | સેવક ભરુડીયા દંડ પરીવારના કુળદેવી શ્રી સચ્ચામા ની સમુહ પહેડી તથા સ્નેહ મિલન : સવારે ૮.30 ક. થી : જૈનમ હોલ, ભાંડુપ |
| તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા વાર્ષિક સામાન્ય સભા બપોરે ૨.30 ક. થી, સ્નેહમિલન સાંજે ૫.00 ક. થી જૈનમ હોલ, ભાંડુપ. |
| તા. ૨૦/૨૧/૨૨ જાન્યુઆરી ૨૦૨૬ | તેરા તીર્થે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલયના ૧૬૮ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલયના ૨૦૫ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | ગોરંગ બાલુડો પોલડીયા પરીવાર આયોજિત ગોએરસમા રંગપુર બારોઈ બાયઠ લુણી તથા ડુમરા (ગોરંગ બાલુડો) ના પોલડીયા પરીવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજીને નમતા ભાવિકોની પંદરમી પહેડી સવારે ૮.00 ક. થી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા. |
| તા. 0૧ ફેબ્રુઆરી ૨0૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.00 ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી 0૧ માર્ચ ૨0૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨0૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.03 કલાકે થી. |
| તા. 0૮ માર્ચ ૨0૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.03 કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨0૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિ:શુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**ચંદુલાલ ડાઘા**
તા.૪ જાન્યુઆરી (ઉ.૮૪)
નાશિક



**દીપકભાઈ લાલકા**
તા.૫ જાન્યુઆરી (ઉ.૬૪)
રંગપુર-કાંદિવલી



**જયચંદભાઈ છેડા**
તા.૫ જાન્યુઆરી (ઉ.૭૪)
તેરા



**લાખબાઈ લાપસિયા**
તા.૬ જાન્યુઆરી (ઉ.૮૬)
દલતુંગી-નાંદેડ




**અરૂણાબેન નાગડા**
તા.૬ જાન્યુઆરી (ઉ.૭૨)
તેરા-મુલુંડ



**પ્રેમાબેન મોમાયા**
તા.૭ જાન્યુઆરી (ઉ.૯૮)
જખૌ-ભાયંદર



**કિર્તીકુમાર મોમાયા**
તા.૭ જાન્યુઆરી (ઉ.૬૯)
વારાપધ્ધર-હૈદ્રાબાદ



**ગુલાબચંદ લોડાયા**
તા.૮ જાન્યુઆરી (ઉ.૮૧)
કોઠારા-કાંજુરમાર્ગ



**મનોરમાબેન મૈશેરી**
તા.૮ જાન્યુઆરી (ઉ.૬૫)
લાલા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● આજના આધુનિક યુગમાં ટેલિવિઝન ઈન્ટરનેટ, મોબાઈલ, કોમ્પ્યુટર વગેરે લોકપ્રિય થતાં તેમજ મોંઘવારી વધતાં બહુરૂપીના વેશ દ્વારા ગુજરાન ચલાવતા પરિવારોને મુશ્કેલી પડતા અન્ય બધા વ્યવસાય અપનાવતા આ કલા લુપ્ત થવાને આરે ઊભી છે. એક જમાનામાં જ્યારે મનોરંજન માટેના સાધનો સીમિત હતાં ત્યારે ગામમાં બહુરૂપી ૧૦-૧૨ દિવસ રોકાતા અને સાંજે વેશ ધારણ કરીને નીકળતાં દરેક વયના લોકો તલ પાપડ રહેતા બાળકો તથા યુવાનો બહુરૂપીની પાછળ પાછળ ફરીને બહુરુપિયો આવ્યો બહુ રૂપિયો આવ્યા. કહી ગલીઓ ગજવતા લોકો તેમના વેશ તેમની છટા અને વાકચાર્તુયથી આકર્ષાઈ ભેટ રૂપે રકમ આપતાં. પરંતુ આજે આ કલાકારો પરંપરાગત વારસાને ટકાવી રાખવા ઝઝૂમી રહ્યાં છે. ભુજના પણ નખત્રાણામાં પોતાની કલાને રજૂ કરવા આવેલા દશરથભાઈએ જણાવ્યું કે રાજ રજવાડાના વખતથી તેમના પરિવારમાં પેઢી દર પેઢી બહુરૂપી કલા કરાઈ રહી છે. પણ આધુનિક વળગણોની વચ્ચે આ કળા લુપ્ત થવાના કાંગરે છે. આવા સમયે સરકાર તરફથી પ્રોત્સાહન મળી રહે તેવું બહુરૂપી વર્ગ ઈચ્છી રહ્યો છે.

● દેશના પશ્ચિમી કિનારે માલ પરિવહન માટે મહત્વના અને દેશના તમામ મહાબંદરોમાં નંબર વનનું સ્થાન ધરાવતા દીનદયાલ પોર્ટ ઓથોરિટીને દુશ્મન દેશથી સુરક્ષા કવચ આપવા માટે પોર્ટ પ્રશાસન દ્વારા એન્ટિ ડ્રોન સિસ્ટમથી સજ્જ કરવાના ભાગ રૂપે ૭૪.૫ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. આ સિસ્ટમ દરિયાઈ સુરક્ષાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પડોશી દેશ પાકિસ્તાનની નજીક આવેલા કંડલા મહાબંદરની સુરક્ષાને મજબૂત બનાવવા માટે આ પ્રયાસ હાથ ધરાયા છે. ૨૪ કલાક પોર્ટની સુરક્ષા સિસ્ટમ યંત્રણા સ્થાપિત કરાશે. એક સાથે લાંબી રેન્જમાં અનેક ડ્રોનનો ખાતમો બોલાવવા માટે આ સિસ્ટમ સજ્જ હશે.

● અબડાસા તાલુકાનું મુખ્ય મથક નલિયા સાથે ૧૬૪ ગામની વિશાળ વસ્તી આરોગ્ય સુવિધાઓ માટે નિર્ભર છે. તે સ્થળે આવેલું સામૂહિક આરોગ્ય કેન્દ્ર છેલ્લાં એક વર્ષથી કાયમી તબીબ વિના હાંફી રહ્યુ છે. પાંચ તબીબનું મહેકમ ધરાવતું આ આરોગ્ય કેન્દ્ર હાલ ઈન્ચાર્જના ભરોસે ચાલી રહ્યું છે. જેના કારણે સામાન્ય બીમારીથી માંડીને ઈર્મજન્સીની સ્થિતિમાં દર્દીઓને સો કિલોમીટર દૂર ભુજ સુધી ધક્કા ખાવાની ફરજ પડી રહી છે. જેના કારણે દર્દીઓ જીવના જોખમે સારવાર લેવા માટે વલખાં મારી રહ્યા છે. આરોગ્યની પાયાની સુવિધા પૂરી પાડવા સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી હોવાનો જનમત છે.

● વર્ષ ૨૦૨૫ દરમ્યાન રાજ્યમાં ગુના શોધન કામગીરીમાં પૂર્વ કચ્છ નેત્રમની સારી કામગીરી બદલ રાજ્યમાં પ્રથમ ક્રમાંકનો એવોર્ડ મેળવ્યો છે. ક્રાઈમ ડિટેક્શન માટેની શોધ કેટેગરીમાં નેત્રમ પૂર્વ કચ્છ ગાંધીધામે આ એવોર્ડ મેળવ્યો છે. આ એવોર્ડ સતત ત્રીજી વખત મેળવી હેટ્રીક કરી છે. સીસીટીવી કેમેરાની મદદથી અલગ અલગ પ્રકારના ૪૦૨ ગંભીર ગુનાઓના કેસ શોધન કરવા માટે આ એવોર્ડ એનાયત થયો છે.

● ૧૪૪૩૫ ફૂટની ઊંચાઈ એ માઈનસ બેથી પણ નીચાં તાપમાનમાં કાતિલ ઠંડી, ઓક્સિજનની અછત વચ્ચે ૪૨ કિલો મીટરની અલ્ટ્રા મેરેથોન દોડ માધાપરના જાણીતા રનર અને સાયકલીસ્ટ જિજ્ઞેશ જેઠવા કચ્છમાંથી અને સંભવત રાજ્યમાંથી એક માત્ર દોડવીર તરીકે પસંદગી પામી ઉત્તરાખંડમાં પહેલીવાર યોજાયેલી આદિ કૈલાસ ખાતેની હાઈ એલ્ટિટ્યુડ મેરેથોન નિયમ આઠ કલાકની સમય મર્યાદાની ૩૭ મિનિટ પૂર્વે જ સફળતાથી પાર કરી મહત્વની સિધ્ધિ મેળવી છે. મુશ્કેલ વાતાવરણને અનુકુળ થવા માટે તેઓ એક સપ્તાહ પૂર્વે જ એ સ્થળે પહોંચ્યા હતા અને પૂર્વ તૈયારીઓ કરી હતી. તેઓ અગાઉ પેરિસની બ્રેસ્ટ પેરિસ કઠિન સાયકલ સફર કરી ચૂક્યો છે. તો થોડા મહિના જ અગાઉ ભુજથી ઈશાની રાજ્યોની ૪૭૨૯ કિલોમીટરની બુલેટ સફર પણ ખેડી છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

★ STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank